# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/08/2025** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **P.M. કિસાનના 20મા હપ્તા હેઠળ રાજ્યના 52 લાખ 16 હજારથી વધુ ખેડૂત પરિવારોને એક હજાર 118 કરોડ રૂપિયાથી વધુની રકમ ચૂકવાશે.**
2. **અંગદાન અને પ્રત્યારોપણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ આજે દિલ્હી ખાતે ગુજરાતને ત્રણ પુરસ્કારથી સન્માનિત કરાશે**
3. **ક્ષતિગ્રસ્ત ગંભીરા બ્રિજના એક છેડે લટકી રહેલા ટેન્કરને હવે પોરબંદરની મરીન્સ ઇમર્જન્સી રિસ્પોન્સની ટીમ નીચે ઉતારશે.**
4. **ખોટી ઓળખ આપીને 19 કરોડ રૂપિયા કરતાં વધુની છેતરપિંડી કરીને ડિજીટલ એરેસ્ટ કરનારા આઠ આરોપીઓની ગુજરાત સ્ટેટ સાયબર સેલે ધરપકડ કરી.**
5. **ઓગસ્ટ માસમાં રાજ્યમાં વરસાદની ગતિ ધીમી પડવાની આગાહી.**

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM-PM KISAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આજે રાજ્ય કક્ષાનો "પીએમ કિસાન ઉત્સવ દિવસ" યોજાશે. આ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશના વારાણસી ખાતેથી વર્ચ્યુઅલી "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના"નો 20મો હપ્તો છૂટો કરશે.

સાંભળીએ એક અહેવાલ..

## વોઇસ કાસ્ટ : મિતલ પટેલ

પીએમ કિસાનના 20મા હપ્તા હેઠળ રાજ્યના 52 લાખ 16 હજારથી વધુ ખેડૂત પરિવારોને એક હજાર 118 કરોડ રૂપિયાથી વધુની રકમ તેમના બેન્ક ખાતામાં ચૂકવાશે. ઉપરાંત વિવિધ યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણ તેમજ પ્રગતિશીલ ખેડૂતોને મુખ્યમંત્રીના હસ્તે સન્માનિત પણ કરાશે. રાજ્યની ગ્રામ પંચાયતો અને ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે પણ પીએમ કિસાન કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં આશરે અઢી લાખથી વધુ ખેડૂતો જોડાશે.

મિતલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# KUNVARJI BAVALIYA JASDAN

પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળીયે રાજકોટ જિલ્લાના જસદણમાં 797 લાખ રૂપિયાથી વધુના ખર્ચે બનનાર રિવરફ્રન્ટ અને ભાદર નદી પરના કાળિયા બ્રીજના નવીનીકરણના કામનું ખાતમુહૂર્ત કર્યું.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે જસદણ અને વિંછીયા તાલુકાના વિવિધ ગામોના રસ્તાઓ અને બ્રિજના વિકાસની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. જસદણ તાલુકો હેન્ડીક્રાફ્ટ, ઈમિટેશન સહિતના ક્ષેત્રોમાં રાજ્યમાં આગવું સ્થાન ધરાવે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

---

# GUJARAT AWARDS

અંગદાન અને પ્રત્યારોપણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ આજે દિલ્હી ખાતે ગુજરાતને ત્રણ પુરસ્કારથી સન્માનિત કરાશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે પી નડ્ડા દ્વારા ગુજરાત સરકાર , સુરત સિવિલ હૉસ્પિટલ અને અમદાવાદ સ્થિત કિડની સંસ્થાને વિવિધ પુરસ્કારથી નવાજવામાં આવશે. સાંભળીએ એક અહેવાલ..

## વોઇસ કાસ્ટ : મયુર સોલંકી

અંગદાનનું મહત્વ, તેની જાગૃતિ માટે સેવાભાવી સંસ્થાઓ અને મીડિયાના સહયોગથી રાજ્ય સરકારે કરેલા નોંધપાત્ર પ્રયાસો બિરદાવવા ગુજરાત રાજ્યને **“Excellence in Promotion of Organ Donation** એટલે કે અંગદાનના પ્રચારમાં ઉત્કૃષ્ટતા માટેનો પુરસ્કાર એનાયત કરાશે. અમદાવાદની કિડની સંસ્થા **-IKDRC**ને “

ટ્રાન્સપ્લાન્ટ કરતી દેશની સર્વશ્રેષ્ઠ હોસ્પિટલ ” પુરસ્કારથી સન્માનિત કરાશે. 2024ના વર્ષમાં IKDRC દ્વારા કિડની , યકૃત અને સ્વાદુપિંડના મળી કુલ 511 અંગોના પ્રત્યારોપણ કરાયા છે જે દેશભરમાં સૌથી વધારે છે. અંગદાન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ , સુરતની નવી સિવિલ હોસ્પિટલને "બેસ્ટ નોન-ટ્રાન્સપ્લાન્ટ ઑર્ગન રીટ્રીવલ સેન્ટર" તરીકે પુરસ્કૃત કરાશે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# GAMBHIRA BRIDGE TANKER

ક્ષતીગ્રસ્ત ગંભીરા બ્રિજના એક છેડે લટકી રહેલા ટેન્કરને હવે પોરબંદરની મરીન્સ ઇમર્જન્સી રિસ્પોન્સની ટીમ નીચે ઉતારશે.

મહીસાગર નદી પર ગત તારીખ 9મી જુલાઈના રોજ વચ્ચેથી બ્રીજના એક ભાગનો સ્લેબ તૂટી પડવાના કારણે એક ટેન્કર લટકતું રહી ગયું હતું જ્યારે અન્ય આઠ ઉપરાંત વાહનો નીચે નદીમાં ખાબક્યા હતા.

જો કે આજે પણ આ ટેન્કર લટકતી હાલતમાં છે તેને ઉતારવા માટે મુખ્યમંત્રીએ આણંદ અને વડોદરા જિલ્લા કલેકટરને સંકલન સાધીને ઉતારવા માટે આદેશ કર્યો હતો. પરંતુ જોખમી પુલ હોવાને કારણે ટેન્કરને સહી સલામત નીચે ઉતારવા માટે આખરે પોરબંદરની મરીન્સ ઇમર્જન્સી રિસ્પોન્સ ટીમની મદદ માગવામાં આવી હતી જે ટીમે તેનું નિરીક્ષણ કરીને આધુનિક ટેકનોલોજી દ્વારા એક સપ્તાહ દરમિયાન તેને ઉતારી આપવા ખાતરી આપી છે.

---

# CYBER CRIME ARREST

સરકારી વકિલ, નોટરી ઓફિસરની ખોટી ઓળખ આપીને 19 કરોડ રૂપિયા કરતાં વધુની છેતરપિંડી કરીને ફરિયાદને ડિજીટલ એરેસ્ટ કરનારા આઠ આરોપીઓની ગુજરાત સ્ટેટ સાયબર સેલે ધરપકડ કરી છે.

અલગ અલગ સ્થળોએથી અને અલગ અલગ બેંકમાંથી છેતરપિંડીના નાણા અલગ અલગ બેંકોમાંથી ચેક દ્વારા ઉપાડતા હોવાની માહિતી ગુજરાત સ્ટેટ ક્રાઇમ સેલને મળી હતી.

જેને લઇને તપાસ બાદ જામનગર , અમરેલી, રાજકોટ સહિતના વિસ્તારના આઠ આરોપીઓ ધરપકડ કરીને સાયબર ક્રાઇમ સેલે વધુ પૂછપરછ હાથ ધરી છે.

---

# DAIRY DECISSION

પંચામૃત ડેરીની દાણ ફેક્ટરીમાંથી ઉત્પાદિત થતા દરેક દાણના ભાવમાં પ્રતિ એક કિલો પર બે રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. દાણના ભાવમાં કિલોએ બે રૂપિયા ઘટાડતા 50 કિલોની બેગ પર 100 રૂપિયા ઘટાડો થતા પંચામૃત ડેરીમાં દૂધ ભરતા મહીસાગર જિલ્લાના પશુપાલકોને ખર્ચમાં ઘટાડો થવાથી આવકમાં વધારો થશે. જેને લઈને પશુપાલકોમાં ખુશી વ્યાપી હોવાનું પશુપાલક સુનિલ માછીએ જણાવ્યું હતું.

## બાઈટ : 1 સુનિલ માછી (પશુપાલક)

---

# WEATHER

રાજ્યભરમાં ગઇકાલ સવારના છ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધીમાં 33 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો જેમાં સૌથી વધુ વરસાદ સુરતના ઉમરપાડામાં 15 મીલીમીટર , વલસાડમાં 13 અને નવસારીના ખેરગામમાં 10 મીલીમિટર વરસાદ વરસ્યો હતો. જ્યારે રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની ગતિ ધીમી રહે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. જેથી ઓગસ્ટ માસ દરમિયાન રાજ્યમાં સામાન્ય વરસાદ વરસશે..

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના દરિયા કિનારાના વિસ્તારોમાં 40થી પચાસ કિલોમિટીરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતાના પગલે હવામાન વિભાગે માછીમારોને 4 અને 5 ઓગસ્ટના રોજ દરિયો ન ખેડવાની હવામાન વિભાગના વડા ડૉ. એ.કે.દાસે સૂચના આપી છે.

## બાઇટ – ડૉ.એ.કે.દાસ, વડા હવામાન વિભાગ

---

# PORBANDAR NAMO NLAKSHMI YOJNA

પોરબંદર જિલ્લામાં નમો લક્ષ્મી યોજના અંતર્ગત નવ હજાર 173 વિદ્યાર્થિનીઓના ખાતામાં સરકારે એક કરોડથી વધુની સહાય જમા કરી. આ યોજનાથી કિશોરીઓના પોષણ, આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહન મળ્યું છે.

આ યોજના હેઠળ ધોરણ 9-10માં અભ્યાસ કરતી કિશોરીઓને ૨૦ હજાર રૂપિયાની શિક્ષા સહાય પુરી પાડવામાં આવે છે. ધોરણ 11-12 માટે 30 હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે.

આ સહાય જે પરિવારની વાર્ષિક આવક 6 લાખ રૂપિયા કે તેથી ઓછી હોય તે અને સરકારી , અનુદાનિત અને ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને મળવાપાત્ર છે.

---

## BAVALA HEALTH SURVEY

અમદાવાદ જિલ્લાના બાવળા શહેર અને તાલુકામાં પડેલા ભારે વરસાદ બાદ જાહેર આરોગ્યની જાળવણી માટે અને રોગચાળો ન ફેલાય તે હેતુસર સ્થાનિક આરોગ્ય તંત્ર સતત કામગીરી કરી રહ્યું છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસરના માર્ગદર્શન હેઠળ સ્થાનિક આરોગ્ય તંત્ર દ્વારા ડોર ટુ ડોર સરવે અને અન્ય કામગીરી માટે કર્મચારીઓની ટીમ બનાવામાં આવી હતી.

દરેક ટીમને અલગ - અલગ વિસ્તારોની જવાબદારી સોંપીને ફિલ્ડ વિઝીટ અને સરવેની કામગીરી કરવામાં આવી હતી. 15 જેટલી ટીમો દ્વારા બાવળા શહેરમાં નાગરિકોના ઘરે જઈને રોગચાળો ન ફેલાય તે હેતુસર પોરાનાશક કામગીરી કરવામાં આવી છે તેમજ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

બાવળા ખાતે શરૂ કરવામાં આવેલા શેલ્ટર હોમ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા મેડીકલ કેમ્પ રાખવામાં આવ્યો હતો , ભારે વરસાદને પરિણામે પાણી ભરાવાના

લીધે અસર પામેલા વિસ્તારોના નાગરિકોની આરોગ્ય ચકાસણી કરીને તેમને જરૂરી સારવાર મેડિકલ કેમ્પ અંતર્ગત પૂરી પાડવામાં આવી હતી.

---

# TRAINS

ભાવનગર - અયોધ્યા કેન્ટ વચ્ચે 11 ઓગસ્ટથી દર સોમવારે સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન દોડશે. કેન્દ્રિય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ આવતીકાલે ભાવનગર ટર્મિનસથી શરૂઆતી ટ્રેનને લીલીઝંડી આપશે. આ ટ્રેનમાં સેકન્ડ ક્લાસ , સ્લીપર, થર્ડ એસી, થર્ડ એસી ઇકોનોમી અને સેકન્ડ એસી કોચ હશે.

આ ટ્રેન ભાવનગર પરા , સિહોર, ધોળા, બોટાદ, લીંબડી, સુરેન્દ્રનગર ગેટ , વિરમગામ, મહેસાણા, પાલનપુર જંકશન, આબુ રોડ સહિત અનેક જંકશન સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. મુસાફરો આવતિકાલથી પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઇટ પરથી બુકિંગ કરાવી શકશે.

---

# DAMAN – NEW GRAM PANCHAYAT

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના ગ્રામીણ વિસ્તરણમાં 2 ગ્રામ પંચાયતો ઉમેરવામાં આવશે.

દમણથી અમારાં પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જાણવે છે કે , નવી ગ્રામ પંચાયત અંગે સોમનાથ અને દુનેથા ગ્રામ પંચાયતોમાં ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. 2011ની વસ્તી ગણતરી ની સરખામણીએ હાલમાં, બંને ગ્રામ

પંચાયતોમાં વસ્તી વધી છે.    એટલે આ બંને  નવી ગ્રામ પંચાયતોની રચના કરવામાં આવશે. નવી બે પંચાયત ઉમેરતાં  દમણમાં હવે  કુલ 16 ગ્રામ પંચાયતો હશે.

---